# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૦ તા.૨૫-૧-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘ગુજરાત રાજ્ય રોડ સેફટી વીક-૨૦૧૮’ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/રોડસેફટી/૨૦૧૮/સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૪-૧-૧૮ નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,‘ગુજરાત રાજ્ય રોડ સેફટી વીક-૨૦૧૮’ ની ઉજવણી કરવાનું આયોજન તા.૨૯-૧-૧૮ થી તા.૪-૨-૧૮ સુધી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ તારીખોએ આયોજન મુજબ ચિવટપૂર્વક અભ્યાસ કરી વધુને વધુ વિદ્યાર્થીઓ,વાલીઓમાં જાગૃતિ લાવવા શાળા કક્ષાએ આયોજન કરશો.

તા. ૨૫-૧-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી વીક-૨૦૧૮ ની ઉજવણી કરવા બાબત. (તા.૨૯/૦૧/૨૦૧૮ થી તા.૦૪/૦૨/૨૦૧૮)

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/રોડ સેફ્ટી/૨૦૧૮/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૪/૦૧/૨૦૧૮

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૨૨૦૧૭/૧૦૩/વ.૨ તા.૨૩/૦૧/૨૦૧૮

પરિપત્રઃ-

રાજ્યનાં નાગરીકો અને ખાસ કરીને યુવાધનમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ કેળવવાના ઉદ્દાત હેતુસર રાજ્ય સરકારે ચાલુ વર્ષે તા.૨૯/૦૧/૨૦૧૮ થી તા.૦૪/૦૨/૨૦૧૮ દરમ્યાન "ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી વીક-૨૦૧૮" ની ઉજવણી કરવાનુ નક્કી કરેલ છે.

રાજ્યના સતત થઈ રહેલ આધુનિકરણ અને રાજ્યમાં સતત વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતા રાજ્યમાં થતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૭ ના જાન્યુઆરી થી સપ્ટેમ્બર-૨૦૧૭ દરમ્યાન કુલ ૧૪૧૯૦ માર્ગ અકસ્માતો નોંધાયેલ હતા. જેમાં ૫૩૯૩ વ્યક્તિઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. જે ગત વર્ષ ૨૦૧૫-૧૬ ની સરખામણીએ ૧૫% જેટલો ઘટાડો દર્શાવે છે. આ અકસ્માતોમાં યુવાનો વધુ ભોગ બન્યા છે. એટલે કે વયજૂથ ૨૨ થી ૩૫ વર્ષના યુવાનો તેનો સૌથી વધુ ભોગ બનેલ છે. રાજ્ય સરકારે આ અકસ્માત દર અને મૃત્યુ દર ઘટાડવા બાબતે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦% ઘટાડો લાવવા લક્ષ્યાંક નક્કી કરેલ છે. જે માટે રાજ્ય સરકારના તમામ વિભાગો સઘન પ્રયાસો હાથ ધરી રહેલ છે.

ઉક્ત કાર્યક્રમ અંતર્ગત તા.૨૯/૦૧/૨૦૧૮ થી તા.૦૪/૦૨/૨૦૧૮ દરમ્યાન આપના જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં "ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી વીક-૨૦૧૮" ની ઉજવણી કરવાની રહેશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

| તારીખ | કાર્યક્રમ |
|---|---|
| ૨૯/૦૧/૨૦૧૮ સોમવાર | માર્ગ સલામતી સપ્તાહ ઉજવણીનુ ઉદઘાટન |
| ૩૦/૦૧/૨૦૧૮ મંગળવાર | જાહેર સંસ્થાની મદદથી કચેરીમાં આવતા અરજદારો, ડ્રાયવર્સનો આઈ ટેસ્ટીંગ કેમ્પ |
| ૩૧/૦૧/૨૦૧૮ બુધવાર | શહેરના વધુ ટ્રાફિકવાળા વિસ્તારોમાં કચેરીના મોટરવાહન/સહયક મોટરવાહન અધિકારીઓશ્રીઓ દ્વારા હેલ્મેટ/સીટબેલ્ટ ચેકીંગ અને તેની ઉપયોગિતાની સમજ આપવી. |
| ૦૧/૦૨/૨૦૧૮ ગુરૂવાર | જિલ્લાની પ્રમુખ શાળાઓમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે સલામતી બાબતે જાગૃતિ સબબ સ્કુલ રીક્ષા, સગીરવગના બાળકોને વાહન ચલાવવા આપવા પર રહેલુ જોખમ વગેરે |

| | |
|---|---|
| | બાબતે કાયદાને વણી લઈને પરિસંવાદ |
| ૦૨/૦૨/૨૦૧૮ શુક્રવાર | જિલ્લા મોટ ડ્રાયવીંગ શાળાઓના ઈન્સ્ટ્રકર્સની આંખની ચકાસણી તથા તેઓને પદ્ધતિસરની તાલીમ (નિષ્ણાંત દ્વારા) |
| ૦૩/૦૨/૨૦૧૮ શનિવાર | જિલલાની પ્રમુખ શાળાઓમાં માર્ગ સલામતી બાબતે મેળાનુ આયોજન |
| ૦૪/૦૨/૨૦૧૮ રવિવાર | માર્ગ સલામતી જાગૃતિ બાબતે શાળાકોલેજોના બાળકો/એનજીઓ/પ્રબુદ્ધ નાગરિકો યુવાનોની રેલી અને સમાપન |

ઉક્ત તમામ કાર્યક્રમ વખતે શક્ય હોય તે સ્થળ પર ટીમવાન હાજર રાખવી, કચેરીમાં વેઈટીંગ રૂમમાં લાગેલા ટી.વી. પર સતત માર્ગ સલામતી બાબતે શોર્ટ ફિલ્મો પ્રસારિત કરવી અને રોજબરોજ કચેરીની મુલાકાતે આવતાં મુલાકાતીઓને આ બાબતે જાગૃત કરવા સમજ આપવી અને લીફ્લેટસનુ વિતરણ કરવુ.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

નકલ સવિનય રવાનાઃ-

- શ્રી આર. જે. દેસાઈ, સેકશન અધિકારીશ્રી, વ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર